**ક્રમાંક–૧૫**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**ચૌદમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**બુધવાર, તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદીના અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળ્યું.**

૧. **પ્રશ્નોત્તરી**

(ક) બુધવાર, તા.૨૪મી જુલાઇ, ૨૦૧૯ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતા ક્રમ–૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮ અને ૯ ના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

ગેરહાજર રહેલ સભ્યશ્રીનો પ્રશ્ન અગ્રતા ક્રમ–૫ને અતારાંકિત ગણવામાં આવ્યો.

સમયના અભાવે ન પૂછાયેલા પ્રશ્નો અગ્રતા ક્રમઃ ૧૦થી ૩૨૨ને પણ અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય બપોરના ૧.૦૦ વાગ્યે પૂરો થયો.

(ખ) **અતારાંકિત પ્રશ્નોત્તરી**

માનનીય અધ્યક્ષશ્રીએ ચૌદમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. **સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

નીચેના કાગળો તેની નીચે દર્શાવેલ મંત્રીશ્રીઓએ સભાગૃહના મેજ ઉપર મૂક્યા.

(૧) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબના સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષના જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

(૨) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબના સન ૨૦૧૪–૨૦૧૫ અને સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના ગ્રામ પંચાયતોના હિસાબો પરના ઓડિટ અહેવાલો તથા આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતા નિવેદન

**માનનીય રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયદ્રથસિંહજી પરમાર**

૩. **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૫, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૭ તેમજ પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૮ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઇ તેમ તેમ માગણી ક્રમાંક–૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક–૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ અને ૩૧ તેમજ માગણી ક્રમાંક–૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ અને ૩૩ સંબધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ માગણીઓ પરની ચર્ચાની શરૂઆતમાં માગણીઓ પરની ચર્ચાના સમય અને ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઇ.

નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) ડો. સી.જે.ચાવડા
(૨) શ્રી વિરજીભાઇ ઠુમ્મર
(૩) શ્રી બ્રિજેશ મેરજા

ચર્ચાનો જવાબ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૪, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮ અને ૨૯, માગણી ક્રમાંક–૧૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ અને ૩૧ તેમજ માગણી ક્રમાંક–૧૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક–૧૫, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**ગિલોટીન થયેલી માગણીઓ**

માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે માગણી ક્રમાંક–૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી જે મત માટે મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

**વિરામ બપોરના ૨.૧૯ થી ૩.૦૦**

૪. **બિન–સરકારી કામકાજ**

**બિન–સરકારી વિધેયકો**

**દાખલ કરવાના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી રમણભાઇ પટેલે, સન ૨૦૧૯નું ગુજરાત સરકારી પાણી પુરવઠા તંત્રમાંથી લોકોને ગેરકાયદે પાણી ખેંચતા અટકાવવા બાબત વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યુ.

(૨) સભ્યશ્રી અરવિંદકુમાર ગાં. પટેલે, સન ૨૦૧૯નું ગુજરાત પાણી પ્રદૂષણ (નિવારણ અને નદીઓનું શુદ્ધિકરણ) વિધેયક સભાગૃહની અનુમતિથી દાખલ કર્યું.

**(૨) પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો**

(૧) સભ્યશ્રી ઇમરાન ખેડાવાલાએ ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૩૩–સન ૨૦૧૮નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું વક્તવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી કુબેરભાઇ ડીંડોર
(૨) શ્રી કિશોર ચૌહાણ
(૩) શ્રી ગ્યાસુદ્દીન શેખ

ચર્ચાનો જવાબ માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઇશ્વરભાઇ પરમારે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૨) સભ્યશ્રી વિરજીભાઇ ઠુમ્મરે ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૮નું ગુજરાત રાજ્ય તકેદારી આયોગ વિધેયક''ના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું વક્તવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પિયુષભાઇ દેસાઇ
(૨) શ્રી અમરિષભાઇ ડેર
(૩) શ્રી સુરેશભાઇ ધ. પટેલ

ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

(૩) સભ્યશ્રી જીતેન્દ્ર સુખડીયાએ ''સન ૨૦૧૮નું વિધેયક ક્રમાંક–૨૩–સન ૨૦૧૮નું ગુજરાત તીર્થસ્થાન અને ધાર્મિક શ્રદ્ધા કેન્દ્ર (પવિત્ર ધામની જાહેરાત કરવા) બાબત વિધેયક''ના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું વક્તવ્ય કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી પ્રતાપ દૂધાત
(૨) શ્રી શશીકાન્ત પંડ્યા
(૩) શ્રી કાન્તિભાઇ પરમાર
(૪) શ્રી અજીતસિંહ ચૌહાણ
(૫) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૬) શ્રીમતી માલતી મહેશ્વરી

ચર્ચાનો જવાબ માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી દિલીપકુમાર ઠાકોરે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.

**સભાગૃહ, ગુરૂવાર, તા.૨૫મી જુલાઈ ૨૦૧૯ના રોજ બપોરના ૧૨.૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૫.૦૦ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૨૪મી જુલાઇ, ૨૦૧૯

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.